## સ્વ. સરસ્વતીબેન વિઠ્ઠલરાય શ્રીમાળી દલિત-વાર્તાસ્પર્ધાના વિજેતાઓ

ગુજરાતી દલિત સાહિત્ય પ્રતિષ્ઠાન દ્વારા આયોજિત સ્વ. સરસ્વતીબેન વિઠ્ઠલરાય શ્રીમાળી દલિત-વાર્તાસ્પર્ધામાં ઘણીબધી દલિત વાર્તાઓ આવેલી તેમાંથી નીચે જણાવેલ વાર્તાઓ પારિતોષિકને લાયક ઠરી છે. ઉક્ત દલિત-વાર્તાસ્પર્ધાના નિર્ણાયક તરીકે જાણીતા અને સુપ્રતિષ્ઠિત વાર્તાકાર શ્રી માય ડિયર જયુએ પોતાની અમૂલ્ય સેવાઓ આપી હતી. વાર્તા-સ્પર્ધાના વિજેતાઓને 'દલિતચેતના' તરફથી ખૂબ ખૂબ અભિનંદન.

| | વાર્તા | વાર્તાકારનું નામ | ઈનામી રકમ |
|---|---|---|---|
| પ્રથમ પારિતોષિક | ધારો | રમણ નડિયાદી | રૂા. ૩૦૦૦/- |
| દ્વિતિય પારિતોષિક | ફોટો | દશરથ પરમાર | રૂા. ૨૦૦૦/- |
| તૃતિય પારિતોષિક | પ્રસાદ | રમણ મેકવાન | રૂા. ૧૦૦૦/- |
| પ્રોત્સાહક પારિતોષિક-૧ | ઉજળિયાત | શંકર પેન્ટર | રૂા. ૫૦૦/- |
| પ્રોત્સાહક પારિતોષિક-૨ | વિજયાદશમી | કલ્પના જિતેન્દ્ર | રૂાય ૫૦૦/- |

પ્રથમ પારિતોષિક વિજેતા



શ્રી રમણ નડિયાદી

દ્વિતિય પારિતોષિક વિજેતા



શ્રી દશરથ પરમાર

તૃતીય પારિતોષિક વિજેતા



શ્રી રમણ મેકવાન

પ્રોત્સાહક પારિતોષિક વિજેતા - ૧



શ્રી શંકર પેન્ટર

કલ્પના જિતેન્દ્રનો ફોટો મળ્યો ન હોવાથી તેમનો ફોટો છાપી શકયા નથી.

# ધારો

o

## રમણ નડિયાદી

ધૂળ ભરેલું નવેળું પૂરુ થયું નહોતું. છતાં તેની ધીરજ ખૂટી હતી. પહેલાં તો આ માર્ગ સહેજમાં ઉકેલાઈ જતો હતો. પણ, આજે સૂરજ માથે લીધેલો તે અંતર વધારતો હોવાનો આભાસ તેને થયા કરતો.

નવેળાંની અડખે પડખે ધીંગી વાડી હતી તે હવાની અવર જવરને અવરોધતી હતી. છતાં ઊડતી ગરમ ધૂળ બે પળ ત્વચાને દઝાડતી'તી અને તરશે એને એરણે ચડાવી હતી.

ઊભી લીટીએ જતા નવેળાંની સામે છેડે જમીન પર ઢળેલો લેલુરતો લીંબડો મહાદેવમાં બેઠેલા પીઠિયાની યાદ આપતો હતો.

તેનું લખલખી ગયેલું તન શીળો ઝંખતું હતું. તે દોડીને જ ત્યાં પહોંચી. મર્મરતા પર્ણોમાંથી ચળાઈને આવતાં પવનથી તેને થોડી રાહત મળી. લીંબડાની મહેંકતી મંજરી શ્વાસને સુગંધી બનાવતી હતી.

વગડાઉ માર્ગ જાણીતો હતો. તેથી કશી ભીતિ રાખ્યા વગર તે સહેજ થાક ખાવા થોભી. પણ, તરસે વ્યાકુળ હતી. ત્યાં નજીકમાંથી વહેતા પાણીના કલકલે તેને ઉત્તેજિત બનાવી. ઝડપથી તે દિશા તરફ વળી. પરંતુ તેનો ઉત્સાહ ઓસરી ગયો. કાંટા ઝીંટેલી વાડની અંદર ઢાળિયો જતો હોવાથી જતો હોવાથી બે પળ મૂંઝાતી રહી. તરસે ગળું સૂકાતું હોવાથી વધુ સમય ધરપત ન રાખી શકી. તેણે હિંમત કરી વાડમાંથી એક ઝૈડું ખેંચી કાઢ્યું. અને ખોબે ખોબે પાણી પીધું. એટલેથી ધરવ ન થતાં પાણીમાં ઊભી રહી. તપેલાં પગને તળિયે ઠંડક વળી.

વેગીલા પ્રવાહને લીધે ધાર પરનું ઘાસ સતત હાલ્યા કરતું'તું. વાડે સોહતી લચકાલોર ચણોઠીની જેમ તેનું મોં તાપને લીધે રાતુંચોળ બન્યું'તું. સામે હિલોળાતી ડાંગરની ઘેરી લીલાશે તાપને લીધે બળતી આંખોમાં શીતળતા આંજી ગઈ. અને રાતની ઘટના તાજી થઈ.

મધરાતે ઘરનું બારણું ખખડતા આંખ ખૂલી છતાં પથારીમાંથી ઊઠવાની ઈચ્છા થતી નો'તી, કેમકે દિવસભરની રખડામણથી તે થાકી હતી. પણ, એક ધાર્યા અવાજ પરથી તેણે અનુમાન્યુ કે આવનારું ઘણું અધીરું છે, બીજું ખખડાટ અન્યને ખલેલ પહોંચાડે તે સારું નહીં. પહેલાંય તેને પ્રસુતિના કેસમાં કટાણે જવાનું થયુ'તું. તેણે નરમાશ તજી, બારણું

વા

ર્તા

ખોલતાં પહેલાં પૂછયું 'કોણ છો ?'

'એ... તો હું મધુ છુ બોન'

મધુ દાયણ ખૂબ જ અનુભવી બાઈ હતી. તેની આવડત પર ગામની સ્ત્રીઓને પુરો ભરોસો હતો. સુવાવડનાં અઘરા કેસ સુધારવાની સૂઝને લીધે તેને કદી અપજશ મળતો નહીં. પણ તે પહેલાં જે તેણે એકી શ્વાસે કહ્યું,

'બોન, ઉતાવળાં હેંડો. પેલી જુગાજીની છોડી મૂઈ દર્દ જ નથી લેતી. મેં તો ચેંટલાય વા'ના કર્યા. પ..ણ તે હાવ પરાળ જેવી ઊંઈ હારી થાકીને તમારી સા'ય હાતું આવી શુ'

'મધુમાસી. તમે ચિંતા ન કરશો હું તમારી સાથે છું.'

અને સાથે આવેલા જુગાજીએ ઊંબરેથી આજીજી કરી 'બોન જરા ઉતાવળ કરજો. ઘેર છોડી અમળાયા કર છ.'

ઝડપથી તૈયાર થઈ તેણે જરૂરી દવા ઈન્જેક્શન પર્સમાં મૂક્યાં, ઘરને તાળું મારતાં કહ્યું, 'ભાઈ તમે લગીરેય મુંઝાશો નહી સૌ સારા વાના થશે.'

બીડી સળગાવી જુગાજી આગળ થયો. તેની પાછળ બંને ચાલવાં લાગ્યાં. પણ, બીડીનો ધુમાડો, દારૂની દુર્ગંધ સીધી શ્વાસમાં આવતાં ધૃણા થતી. તેમણે ચાલ ધીમી કરી. રસ્તા પર લાઈટનું ઠેકાણું નહોતું. અને પાછલી રાતનું ઘેરું અંધારું અંજપો વધારતું હતું. ત્યાં જ મસ્જીદની રાંગેથી ધુવડ સરરર કરતું ઊડ્યું. તેની ડરામણી આંખો કંપ જન્માવી ગઈ. અને પાછળ પડતા કૂતરાંની તેને બીક લાગતી હતી. ઉતાવળમાં બેટરી લેવાનું ચૂકી તેને ઘણો વસવસો થયો.

ફૈડકાભેર ચાલતો જુગોજી વારંવાર ઝડપથી ચાલવા તાકીદ કરતાં કરતાં બબડતો હતો. 'હાળાં બૈરાનાં ટાંટિયામાં બરકત જ ના હોય.'

ફળિયામાં દાખલ થતાં તે પાણીના ઢાળમાં નશાને લીધે ગબડ્યો. ખૂણે ભરાયેલા કૂતરાં જોરજોરથી ભસવાં લાગ્યાં. કોકે ખોંખારો ખાધો. અને પડસારના અંધારામાં બીડીઓનાં ટપકા તગતગવાં લાગ્યા.

તે મધુની સાથે એક ઘરનાં પાછલાં ઓરડામાં ગઈ. ત્યાં ઊધા વાળેલા ખાંડણિયા પર દીવો મૂક્યો'તો. અને બીજું એક ફાનસ ઊંચુ લટકાવ્યું હતું. તેની નીચે નબળા ડીલવાળી યુવતી કણસતી પડી'તી. તે ઊભી થવા કોશીષ કરતી પણ, ત્યાં રહેલી સ્ત્રીઓ તેને દબાવી રાખતી હતી. તેનું શરીર ઝંબઝંબાયેલું, તેની ફિક્કી આંખોમાં ડર છવાયો'તો. તેણે બધી સ્ત્રીઓને આહે પાહવે કરી ઈન્જેકશન આપ્યું. ને મધુને પવન નાંખવાનું કહ્યું. તે હળવે હાથે છોકરીનું પેટ ઓળાશતાં વિચારવાં લાગી. કાચી વયે લગ્ન કરે તેનું આ પરિણામ અને ખાસ્સીવારે તેનો છૂટકારો થયો. તંદુરસ્ત બાળકીને જન્મ આપ્યો. હાજર રહેનારાઓમાં ઉજમ પ્રગટ્યું.

પરોઢિયે તે ઘેર પહોંચી. અડધે સુધી મૂકવા આવેલ જુગાજી આશિષ વરસાવતો પાછો ફર્યો. પણ, નવજાત શિશુ પ્રત્યેનું ઉપેક્ષા ભર્યુ વલણ તેને ખટક્યું. ક..દાચ, છોકરો હોત તો ઘરમાં જરૂર ખુશીનું વાતાવરણ સર્જાયું હોત. અરે જોરશોરથી થાળી ખખડાવી જગતને પુત્ર જન્મ્યાની વધામણી આપી હોત. પણ, આ છોકરીની આવરદા કેટલી ? કોઈના કર્મો તરફ

ધ્યાન આપ્યા વગર સૂરજના પીગડ ફુટ્યા.'

તેને પાણો વાળેલા ખેતર ઉપરથી આવતી ઠંડી હવા ગમતી. પણ, આ ધીખતી વેળાએ ગોચરમાં વધુ સમય શેકાવવું ઠીક ના લાગ્યું. છીદુ બંધ કરીને તે વાટે ચડી. થોડી જ મજલ કાપી ત્યાં ઘેટાનો ઝોડ આવતો હોવાથી આખું નવેળું ધૂળથી ગોટાયેલું હતું. બેઅસ.. બેઅસ.. કરતો ચાલતો સમૂહ એક નવો જ લય જન્માવતો હતો. ધીમે ધીમે આગળ વધતાં ખેતરમાં ચાર લેવા આવનારની હાજરી વરતાવા લાગી. અને ચોવાટે ઘેઘૂર વડલાની નિશ્રામાં રહેલો પ્રાચીન વિસામો સમાધિ લગાવી બેઠેલા તપસ્વી જેવો લાગતો હતો. ત્યાં પરબ મૂકાઈ હતી. જીર્ણ કરડે ને કાયે બેઠેલાં વૃદ્ધે નેજવુ કરી બૂમ પાડી. 'બોન, પોણી પીતાં જાવ.'

ન ઈચ્છવા છતાં તેના પગ તે દિશામાં વળ્યાં. અને પિતળના ચકચકિત ગ્લાસમાં ધરાયેલા પાણીને અધ્ધરથી પીધું. નવી માટલીના સુગંધી જળનો સ્વાદ અનેરો લાગ્યો, તેણે મૂકેલા પાંચ રૂપિયાનો સિક્કો જોઈ રાજી થયેલાં વૃદ્ધે લૂ ન લાગે માટે એક ડુંગળીની કાંકરી આપી તેને સાથે રાખવા કહ્યું. આકરા તાપમાં પોયણા જેવું લાલચોળ થયેલું મોઢું અને સફેદ કપડાં જોઈ પૂછ્યું.

'બોન, દવાખાને રો'છો ?'

'હા'

'કેવા છો ?'

'શ્રીમાળી'

એટલે બોમણ ખરુનઅ ? ભલઅ બોન, અમારુ ગામ બઉ મરજાદી. તમારે કશી ભોંભીતિ નો રાખવી. તમઅ ઉજ્જડ વગડે હૈડ્યાં આવો તો'ય તમારું નોમ નંઈ લે. એવું સઉકારીયું લોક એ રૈ'છે. તમઅ આપદા વેઠીં ગામનું કઅ શેમશેઢે રે'નાર મનખની સેવા ચાકરી કરો છો. તેનો'અ બદલો પરભુ આલસેજ'

વૃદ્ધની વાતમાં ધ્યાન આપ્યા વગર તેણે ત્યાંથી ચાલતી પકડી. તેનો ઉછેર શહેરમાં થયો હતો. પોતે શિક્ષક માવતરનું સંતાન. ભાઈ પણ બેંકમાં હતો. બીજો કોઈ પણ વિદ્યાશાખામાં પ્રવેશ મળે તેટલા ગુણ તેણે બારમાં ધોરણમાં અંકે કર્યા હતા. તે અરસામાં સારા ઘરનું માગુંય આવેલું. તે વાતને વધાવી લેવા ઘરનાંઓ લલચાયા'તા છતાં શેહમાં ખેંચાયા વગર તેણે નક્કી કરેલાં ધ્યેયમાં અડગ રહેતા કહેલું,

'મારે સેવાના વ્યવસાયમાં જ જોડાવું છે. તમે કંઈ જુદુ વિચાર્યા સિવાય મને સંમતિ આપો જેથી હું ફોર્મ ભરી શકુ.'

તેણે પસંદ કરેલી રાહ કુટુંબીજનોને ધરાર નો'તી ગમી. કેમકે સેવાનું કાર્ય હોવા છતાં લોકોને મન તેનું ઝાંઝુ મહત્ત્વ નહોતું. નાતમાં શિક્ષકોને મોખરાનું સ્થાન મળતું. ત્યારે નર્સ માટે રળિયાત ન'તો દેખાતી. તેમણે અંદરખાનેથી નર્સોની પજવણી, શોષણની ઘણી વાતો સાંભળેલી. અરે ઉજળે કપડે કૂડાં કરમ કર્યાના કિસ્સા કાનોકાન સાંભળેલા છતાં દવાથી દુઆ રળવાનું ખોટું નહોતું. અંતે સંતાનમાં શ્રધ્ધા મૂકી.

તેણે નર્સિંગ કોર્ષમાં પ્રવેશ મેળવ્યો. પછી ઘણા ઉમંગ સાથે ધ્યાનથી શીખેલું પ્રકરણ

કર્યું હતું. સહાધ્યાયાનીને રવાડે ચડ્યા વગર તેણે ભણવાનું પૂરું કર્યું. પૂર્વની શરત પ્રમાણે તેણે છેવાડાનું સ્થળ મળ્યુ. મુખ્ય આરોગ્ય કેન્દ્રમાંથી તે ગામનો ચાર્જ લેતાં વરસો જુનું સ્વપ્નું સાકારા થવાથી આંખે હર્ષનાં આંસુ ઊભાર્યા હતા.

હવે છેલ્લી હરોળના જનની સેવા કરવાની હોંશ તો પૂરી થશે જ સાથે રૂપ બદલતાં ખેતરો આંબલી, ચણીબોરનો ખટમીઠો સ્વાદ અને પંખીઓના મોહક ટહુકા ઝીલવાની અદમ્યતાય પાર ઉતરશે. આ ઉત્સાહમાં તેણે તારવ્યું હતું કે પાયાની ઘણી સુવિધા ન હોવા છતાં શહેરના દુવિધા ભર્યા જીવન કરતાં અહીં સુગમતા વધારે હતી. દૂરથી મંદિરની ધજા દેખાતાં તેણે શિર નમાવ્યું. અને વાડેથી તોડેલી ડોડીની ડુંખો ચાવતી ગામમાં પ્રવેશી. તેને માથે નાંખેલાં ઐણીનાં ફૂલોને જોતાં સામે મળતું લોક હસતું હતું.

ભૂકંપમાં તરડાઈ ગયેલું ક્વાર્ટસ રહેવા જેવું નો'તું રહ્યું. અને તે એકલ પંડે જ હતી. તેથી બીજી કશી પજવણીથી બચવા સૂરજબેનનું મકાન પસંદ કર્યુ. તેમણે વરસોથી ઓઝલતા સ્વીકારી હતી. અરે પુરુષની છાયા નહિ લેવાનું પણ સાચવી જાણ્યું હતું. ધાર્મિક વૃત્તિથી પ્રેરાઈને સફેદ વસ્ત્રો ધારણ કર્યા હતા. તેને અંગેથી અળગા થવા દીધા નહોતા. તેમના ઓજસ્વી ચહેરાને જોતાં જ આપોઆપ હાથ જોડાઈ જતા હતા. તેમને દેવસેવા વગર બીજી કશી પળોજણ નો'તી. દર્શનાર્થે આવતી બીજી સ્ત્રીઓ ભાદુઆતને વખાણતી. તેથી પોરસાતા સૂરજબેને રાતે જ કહ્યું હતું.

'કશું અંતર રાખ્યા વગર તું જે સેવા કરે છે. તે તારુ જીવન સાર્થક કરશે.'

તે આકરી વેળાંયે વિઝિટેથી આવતી ત્યારે તેના માટે કરેલી રસોઈ આપવા સૂરજબેન આવતા. તે લેવાની આનાકાની કરતી તો તે કહેતા કે,

'બેટા, કુંવાશીને ઠારવી તે પુન્નનું કામ છે. તું લગીરે ઓબજાયા વગર પ્રસાદ માની જમી લે.'

અને સૂરજબેનમાં તેણે તેની મા તાદશ્ય થતી જોઈ. તેમને વળગી વ્હાલ કરવાની ઈચ્છા જોર કરવા લાગતી. પણ તેમ કરવું તેને ઉચિત ન લાગતાં તેણે તેમનો તથ ગ્રહી લીધો. તે ભીની ક્ષણોએ તેનામાં ઘણું ચેતન સીંચ્યું. ધીમે ધીમે તે ઘરધણીના નેડે ગંઠાતી ગઈ. તેથી તેની મૂંઝવણો ઉકેલતી ગઈ. પાંચ હજારની વસ્તીને એકલે હાથે પહોંચવાનો આત્મવિશ્વાસ વધ્યો. તેથી તેણે ખૂબ જ ધ્યાન, ધીરજ અને નક્કી કર્યા પ્રમાણે કામની શરૂઆત કરી.

તે જરૂરિયાતમંદ લોકોની અવાર નવાર મુલાકાત લેતી. બે બાળકો વચ્ચેનો ગાળો અને નાના કુટુંબનું મહત્ત્વ તેમને ગળે ઉતારી શકી હતી. ઘણી સમજાવટે વ્યંધિકરણ માટે અણગમો રાખનારનાં વલણો કૂણા બનાવવા તે સફળ થઈ હતી. અરે સગર્ભા તેમજ બાળકો માટેની વિવિધ રસીકરણ અને લોહીના પોઝીટીવ રિપોર્ટ પછી દર્દીને તાવની ગોળીઓ ગળાવવાનું ધ્યાન અચૂક રાખતી. બીજી અનેક રીતે મદદરૂપ થવાને લીધે તે લોકોને જીતી શકી હતી.

તેના આ સ્વભાવે તેનું કામ ઉજાળ્યું હતું. આવતીકાલે તાલુકા વ્યંધિકરણ કેમ્પ માટેના કેસનું લક્ષ્યાંક તે સિદ્ધ કરી શકી'તી. દર્દીને લઈ જવા માટે વાહનની વ્યવસ્થા કરવાની હતી.

તારીખ અનુસાર આજે સુવાવડના કેસ માટે ગમે ત્યારે તેડું આવવાનું જ હતું. તેથી વહેલી તકે રસોઈનું કામ આટોપવાનું હતું. દુશ્મનની જેમ દિવસભરની ટાળેલી ભૂખ અત્યારે ઉલળી હતી. અનેક દુગ્ધાથી ઘેરાયેલી તેમ ચૈવટેથી પસાર થઈ. રોજની આદત મુજબ આ જગ્યા નજીક આવતાં તેની ચાલમાં એકાએક ગતિ આવતી કેમકે અહીં બેઠેલા લોકોનું વર્તન અળવીતરુ રહેતું. આજે પણ સર્તકતાથી તે આગળ વધી ત્યાં ચણભણ થતી હતી. તેના આછા પાતળા શબ્દો તેને કાને પડ્યા.

તે વાતને લેખાંમાં લીધા વગર ઘેર પહોંચી. સ્નાન કરી સ્વસ્થ થવા પ્રયત્ન કર્યો પણ ઉમટેલાં અંજપાને લીધે તે હળવાશ અનુભવી નો'તી શકતી. છતાં ગેસ પર કૂકર ચડાવ્યું. વિઝિટે જવાની ગણતરી સાથે પર્સ તૈયાર કરી આજના કામની નોંધ ટપકાવવા લાગી.

ત્યાં બારણું ખખડ્યું. કોઈ અગમ્ય કારણોસર તેની છાતીના ધબકારાં વધી ગયા. ઘરમાં મુંઝારો થતો હતો. તેથી વહેલું વિઝિટે જવાનું થયું તે તેને ગમ્યું. કૂકરની સીટીઓ ઉપરાઉપરી વાગવા લાગી. અને બારણું જોરથી ખખડવા લાગ્યું. ગેસ બંધ કર્યો અને તૈયાર કરેલા પર્સને ખભે ભરાવી તેણે બારણું ખોલ્યું.

સામે ઊભેલા જૂગાજી અને માસ્તર કાળઝાળ જણાયા. આ બંન્નેને તેણે ચૌટે ટોળામાં જોયેલાં. તો'યે તે જોર કરી શુ કામે આવ્યા છે એ પૂછે એ પહેલાં તો તેને બાવડેથી પકડી બહાર ઘસડી ગયા. આ ધમાલમાં વંઢી પર મૂકેલું કૂંડુ નીચે પડતાં તૂટી ગયું. તેની મતિ મુંઝાઈ. તે આઘાતની મારી અવાક બની ગઈ. બહાર ટાંપી રહેલું ટોળું કિલકારી પાડતું તુલસીના છોડને કચડતું અંદર ઘૂસ્યુ. એક પછી એક ઘરવખરી બહાર ફેંકવા લાગી. જૂજ પળોમાં સજાવેલાં રાચરચીલાનો ખુરદો કરી દીધો. એ વિસ્તરતું ટોળું આવેશમાં તેનું કૂટિયું કાઢતાં વિચારે તેવું નહોતું. ત્યાં કાંકરીચાળો શરૂ થયો.

આ તોફાનોમાં આગેવાની લેનાર માસ્તરના છોકરાનું માથું ફદફદી ગયું હતું. તેમાં પડેલી જીવાતને તેણે જ સાફ કરી હતી. તેટલું જ નહીં પરંતુ ગૂમડું રુઝાયું ત્યાં સુધી મલમપટ્ટી કરવાની ચીવટ રાખી હતી. તે દરમ્યાન માસ્તેર કરેલાં અડપલાથી તે ચેતી હતી.

પણ, અત્યારે સર્જાયેલી વિપદાનુ કારણ તેને સમજાયું નહી. લોકો સાથેના સંબંધમાં કોઈ બાધ નહોતો. છતાં તે શા માટે ઉશ્કેરાયા છે ? કોઈ ખૂણેથી આવેલાં પથ્થરે તેનું લમણું રંગી નાખ્યું. ને માસ્તર ઊંચા અવાજે કહેતા હતા કે

'હું પાકે પાયે જાણી આવ્યો છુ કે આ બાઈ બામણ તો ખરી પણ હલકી વૈણની છઅ. આજ સુધી તેણે આપણને અભડાયે રાખ્યાં છઅ...'

સામેના મંદિરનો કેશરિયો વાવટો ફરફરતો હતો.

લજ્જાયેલો સૂરજ આથમવા લાગ્યો.

●

રમણ નડિયાદી, ૩૩, જગપ્રકાશ સૌસાયટી, વૈશાલી સીનેમા રોડ, નડિયાદ-૩૮૭૦૦૨